# ભારતીય રેલ્વે પરિવહન સેવા (આઈ.આર.ટી.એસ.)

આઈ.આર.ટી.એસ. અધિકારીઓ માલ તેમજ મુસાફરોના સરળ અને ઝડપી પરિવહન માટે જવાબદાર છે. તેઓ અસ્કયામતોનો મહત્તમ ઉપયોગ સુનિશ્ચિત કરે છે. રેલવેની વિવિધ સંપત્તિઓ જેમ કે ટ્રેક, વેગન, એન્જિન, સિગ્નલ વગેરેની દેખરેખ રાખતા સેવા વિભાગો સાથે સંકલન કરીને આ કામગીરી નિભાવવામાં આવે છે. પરિવહન/ટ્રાફિક વિભાગની બે મુખ્ય શાખાઓ છે- સંચાલન અને વાણિજ્યિક, જ્યાં આ અધિકારીઓને નિયુક્ત કરવામાં આવે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે સાવચેતીપૂર્વક અને આયોજનબદ્ધ રીતે કામ કરનાર વ્યક્તિ છો
- તમારા માર્ગદર્શન હેઠળ કામ કરવા માટે તમે લોકોને પ્રેરીત કરી શકો છો
- તમે નેતૃત્વ કૌશલ્ય ધરાવો છો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૫,૬૪૦ થી ૪,૦૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. એન્જિનિયરીંગ, વાણિજ્ય અથવા ચાર્ટડ એકાઉન્ટસીમાં સ્નાતકની ડિગ્રી મેળવો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ સમાન અથવા સંબંધિત વિષયમાં અનુસ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કરો.

૩. UPSC દ્વારા લેવામાં આવતી એન્જિનિયરીંગ સેવા પરીક્ષામાં યોગ્યતા પ્રાપ્ત કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

આઈ.આર.ટી.એસ.અધિકારીનું માસિક વેતન **રૂ. ૧૫,૬૦૦ થી ૮૦,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત: https://indianrailways.gov.in/railwayboard/uploads/directorate/mgt_ser/Recruitment_Rule/IRPSRR.pdf

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ભારતીય રેલવે અને અન્ય સરકારી વિભાગો/મંત્રાલયો

**કાર્યસ્થળનું વાતાવરણઃ** તમારે ઓફિસમાં તેમજ ફિલ્ડમાં એમ બંને જગ્યાએ કામ કરવાની જરૂર પડશે. તમે વેરહાઉસ અને લોકોશેડની મુલાકાત લેશો. તમે અધિકારીઓની ટીમને સંભાળશો. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૮ થી ૯ કલાક કામ કરો તેવી શક્યતા છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## તમે અભ્યાસ ક્યાં કરશો?

સંસ્થાઓની અહીં આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. યુનિવર્સિટી કોલેજ ઓફ એન્જિનિયરીંગ, ઓસ્માનિયા યુનિવર્સિટી, હૈદરાબાદ (એમ.ઈ.)
૨. સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યુટ ઑફ ટૂલ ડિઝાઇન (સી.આઈ.ટી.ડી.), હૈદરાબાદ - (ડિપ્લોમા)
૩. સેન્ટ્રલ ટૂલ રૂમ એન્ડ ટ્રેનિંગ સેન્ટર, ભુવનેશ્વર (ડિપ્લોમા)
૪. એમએસયુ, વડોદરા
૫. ગવર્મેન્ટ ઈજનેરી કૉલેજ, ગાંધીનગર
૬. કોલેજ ઓફ એન્જિનિયરીંગ, પઠાણાપુરમ (ડિપ્લોમા)
૭. આઈ.આઈ.ટી. કાનપુર-(એમ.ટેક)
૮. ડિફેન્સ ઇન્સ્ટિટ્યુટ ઓફ એડવાન્સ ટેકનોલોજી ( ડિ.આઈ.એ.ટી.), પુણે - (એમ.ટેક)
૯. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૧૦. વીર સુરેન્દ્ર સાઈ યુનિવર્સિટી ઓફ ટેકનોલોજી, સંબલપુર (એમ.ટેક)

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે સંસ્થા યુજીસી અને એ.આઈ.સી.ટી.ઈ. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. એસ.આર.એમ. યુનિવર્સિટી ચેન્નાઈ
૨. પી.એસ.જી. ટેક, કોઈમ્બતુર
૩. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૪. ભારતી વિદ્યાપીઠ ડીમ્ડ યુનિવર્સિટી કોલેજ ઓફ એન્જિનિયરીંગ
૫. સ્કૂલ ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી, જૈન યુનિવર્સિટી, બેંગલુરૂ
૬. બન્નારી અમ્માન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી, તમિલનાડુ
૭. અમૃતા સ્કૂલ ઑફ એન્જિનિયરીંગ, કોઈમ્બતુર
૮. ડૉ ડી.વાય. પાટિલ ઇન્સ્ટિટ્યુટ ઑફ ટેક્નોલોજી, પુણે
૯. પીડીઈયુ, ગાંધીનગર
૧૦.રાજલક્ષ્મી એન્જિનિયરીંગ કોલેજ, ચેન્નાઈ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ઇન્ડિયન રેલવે ટ્રાફિક સર્વિસ એક્ઝામ, સિવિલ સર્વિસ

## અપેક્ષિત પ્રગતિ પથ

આસિસ્ટન્ટ કોમર્શિયલ મેનેજર → ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર → સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર → સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર/ ડેપ્યુટી ચીફ કોમર્શિયલ મેનેજર → ચીફ કોમર્શિયલ મેનેજર/ચીફ ક્લેમ ઑફિસર → ચીફ કોમર્શિયલ મેનેજર → અથવા આસિસ્ટન્ટ ઓપરેશન્સ મેનેજર → ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર → ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર વિભાગીય ઓપરેશન મેનેજર/ ડેપ્યુટી ચીફ ઓપરેશન મેનેજર → ચીફ ઓપરેશન મેનેજર/ ચીફ ફ્રેઈટ ટ્રાન્સપોર્ટેશન મેનેજર/ ચીફ પેસેન્જર ટ્રાન્સપોર્ટેશન મેનેજર/ ચીફ ટ્રાફિક પ્લાનિંગ મેનેજર → ચીફ ઓપરેશન મેનેજર

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**અજય શુક્લા** ભારતીય રેલવે ટ્રાફિક સેવા (આઈ.આર.ટી.એસ.)ના ૧૯૭૯ બેચના વરિષ્ઠ અધિકારી છે. હાલમાં, તેઓ રેલવે બોર્ડના અધિક સભ્ય (વાણિજ્યિક) છે. શ્રી શુક્લાએ લખનૌ યુનિવર્સિટીમાંથી વિજ્ઞાનમાં સ્નાતક અને ઇતિહાસમાં અનુસ્નાતકની ડિગ્રી હાંસલ કરેલ છે.*

સ્રોત:https://www.indianbureaucracy.com/ajay-shukla-takes-charge-as-new-member-traffic-railway-board/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.